નવગુજરાત સમય , પાના નંબર :- ૧૨
તારીખ :- ૦૨/૦૭/૨૦૨૫

## અમદાવાદ અને સુરત માટે શહેરી વિકાસ વિભાગનો નિર્ણય

# મેટ્રો આસપાસની જમીનનો કોમર્શિયલ ઉપયોગ કરીને વધારાનું ફંડ ઉભુ કરાશે

■ **ચાર્જેબલ એફએસઆઇની વાર્ષિક આવકમાંથી 25 ટકા હિસ્સો વેલ્યુ કેપ્ચર ફંડ તરીકે ગણાશે**

**નવગુજરાત સમય** > ગાંધીનગર

અમદાવાદ અને સુરત શહેરમાં મેટ્રો ટ્રેનની બને બાજુ 200 મીટરના વિસ્તારના કોરિડોરમાં આવતી જમીનમાંથી ચાર્જેબલ એફએસઆઇ તરીકે થતી વાર્ષિક આવકમાંથી 25 ટકા હિસ્સો વેલ્યુ કેપ્ચર ફંડ તરીકે અર્બન ટ્રાન્સપોર્ટ ફંડમાં જમા કરાવવાનો નિર્ણય શહેરી વિકાસ વિભાગ દ્વારા લેવાયો છે. તેના કારણે અમદાવાદ કે સુરત મહાનગરપાલિકાનું સ્થાનિક તંત્ર આજુબાજુની જમીન કોમર્શિયલ ઉપયોગ માટે આપી શકશે. તેમાંથી જે આવક થાય તેનો સુવિધા વધારવા ઉપયોગ કરી શકશે.

### આ આવકનો સુવિધા વધારવામાં ઉપયોગ કરી શકાશે

અમદાવાદ અને સુરતમાં મેટ્રો રેલ તૈયાર કરવા બંને શહેર માટે રાજ્ય સ્તરીય યુનિફાઇડ મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટ ઓથોરિટી (યુએમટીએ)ની રચના કરાયેલી છે. તે અંતર્ગત અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ બનાવાયું છે. અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ હેઠળ શહેરી પરિવહન સાથે સંકળાયેલા સ્ટેક હોલ્ડર્સના નાણાકીય સ્ત્રોતમાંથી વધારાનું વેલ્યુ કેપ્ચર ફંડ બનાવવાની લાંબા સમયથી વિચારણા ચાલતી હતી. તે અંતર્ગત વધારાનું વેલ્યુ કેપ્ચર ફંડ ઉભું કરવાનો નિર્ણય લેવાયો છે. જેના કારણે સ્થાનિક તંત્રને વધારાની આવક મળી શકે. જેનો સુવિધા વધારવામાં ઉપયોગ કરી શકાશે.

અમદાવાદમાં મેટ્રો ટ્રેનનું નેટવર્ક કાર્યરત છે જ્યારે સુરત શહેરમાં મોટાપાયે મેટ્રો દોડાવવાની કામગીરી ચાલી રહી છે. મેટ્રો રેલ એલાઇનમેન્ટની બંને બાજુ 200 મીટર વિસ્તારના કોરિડોરમાં જમીનનો કુલ મળીને મોટો હિસ્સો આવતો હોય છે. તે સંદર્ભે શહેરી વિકાસ વિભાગે અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ હેઠળ શહેરી પરિવહન સાથે સંકળાયેલા સ્ટેક હોલ્ડર્સના નાણાકીય સ્ત્રોતમાંથી વધારાનું વેલ્યુ કેપ્ચર ફંડ ઉભું કરવાનો નિર્ણય લીધો છે. આ ફંડ ઉભું કરવા માટે અમદાવાદ અને સુરત મહાનગરપાલિકા સીજીડીસીઆર (કોમ્પ્રિહેન્સિવ જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન્સ)ની જોગવાઇ મુજબ મેટ્રો રેલની આજુબાજુના 200 મીટર વિસ્તારના કોરિડોરમાં આવતી જમીનમાંથી ચાર્જેબલ એફએસઆઇ તરીકે થતી વાર્ષિક આવકમાંથી 25 ટકા હિસ્સો વેલ્યુ કેપ્ચર ફંડ તરીકે જમા કરાવી શકશે.